જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૬/૨૦૧૭ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૨૨૯/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૪૨૨ લીટર દેશી દારૂ, ૩૬૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ કાર અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૩૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૦/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૧/૧૭**

**માધવપુરાઃ** મનોજભાઇ મુલચંદભાઇ સોની (રહે. સ્વપનીલપાર્ક ફ્લેટ નાથબાવાની ચાલીની સામે ધોબીઘાટ ચાર રસ્તા પાસે દુધેશ્વર માધવપુરા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૬/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૧૩/૬/૧૭ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના તાળા અને નકુચા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧,૫૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૮૨,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.પી.ધરસંડીયા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૨/૧૭**

**નવરંગપુરાઃ** કમલેશભાઇ ઉર્ફે કપિલ સ/ઓ રમેશકુમાર હાલાણી (ઠક્કર) (ઉ.વ.૩૩) (રહે. સત્યમ સ્કાય લાઇન, ટોરેંટ પાવરની સામે, નારણપુરા) એ તા.૧૩/૬/૧૭ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૫/૧૭ સાંજના ૬/૧૦ વાગ્યા પહેલા નવરંગપુરા સીજી રોડ, બોડી લાઇન ચાર રસ્તા પાસે આવેલ ઇસ્કોન આર્કેડના બેઝમેન્ટમાં એક્ટિવાની ડેકીમાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦,૦૦૦/- અજાણ્યા સ્ત્રી-પુરૂષ ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.વી.દેસાઇ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૩/૧૭**

**નરોડાઃ** જયકૃષ્ણ બાબુભાઇ પટેલ (રહે.પાયલનગર સોસાયટી નરોડા) એ તા.૯/૬/૧૭ રાતના ૯/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની સ્વિફ્ટ કાર નંબર ૦૧ આરએફ ૩૩૦૯ કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૦/૬/૧૭ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ જયકૃષ્ણ પટેલે તા.૧૩/૬/૧૭ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.ડી.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૩૪/૧૭**

**રિવરફ્રંટ વેસ્ટઃ** વિષ્ણુભાઇ રમેશભાઇ મકવાણા (ઉ.વ.૨૭) (રહે. સંત વિનોબાભાવેનગર સુખરામનગર પાણીની ટાંકી પાસે રખીયાલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૬/૧૭ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા એલીસબ્રીજ નીચે વોક વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિનાયક લક્ષ્મણ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** અરવિંદભાઈ મોહનભાઈ સોલંકી (ઉ.વ.૪૦) (રહે. બુધા મહારાજની ચાલી ભવાની ચોક અમ્બિકા ચોક પાસે ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૧૩/૬/૧૭ નારોજ પોતાના ઘરે ટી.વી.ચેનલના વાયરથી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.